# શહેરમાં વધુ ૩૦૯ નવા કેસ

**શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સરગાસણમાં ૬૪, કુડાસણમાં ૨૯, વાવોલમાં ૧૪, પેથાપુરમાં ૧૨, રાંદેસણમાં ૯, કોબામાં ૭ કેસ નોંધાયા : શહેરમાં સે. ૬ માં ૧૪, સે. ૩ માં ૧૦, સે. ૨૪ માં ૯, સે. ૭, ૨૬, ૩૦ માં ૮-૮ કેસ, સે. ૨, ૫, ૧૨, ૧૯, ૨૨ માં ૭-૭ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે ૩૦૯ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૫૩૦૦ના આંકને પાર કરી ગઈ છે.

શહેરમાં રિકવરી રેટ સુધરી રહ્યો હોવાથી તંત્રને રાહત થઈ છે. આજે ૪૦૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ત્રીજી લ્હેરમાં એક જ દિવસમાં આજે સૌથી વધુ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

આજે વધુ ૬ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. શહેરમાં હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા ધીમી ગતિએ વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

આજે નોંધાયેલા કેસોમાં ૧૩૨ મહિલા દર્દી, ૩૭ દર્દી ૬૦ થી વધુ વયના છે. દર્દીઓમાં મહિલા અને વયસ્કોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે જેણે ચિંતામાં વધારો કર્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૦ જેટલા દર્દી ૧૧ થી ૨૦ વર્ષની આયુ ધરાવે છે. જ્યારે ૮ દર્દી ૧૦ વર્ષ કે તેથી ઓછી વયના છે. આજે નોંધાયેલ બાળ દર્દી પૈકી કુડાસણની ૧૦ વર્ષની દિકરીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સરગાસણમાં ૬૪, કુડાસણમાં ૨૯, વાવોલમાં ૧૪, પેથાપુરમાં ૧૨, રાંદેસણમાં ૯, કોબામાં ૭ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત રાયસણમાં ૫, કોલવડામાં ૨, ભાટમાં ૪, ધોળેશ્વરમાં ૨, ગિફ્ટસીટીમાં ૧, આઈઆઈટીમાં ૪ કેસ નોંધાયા છે. જીઈબી કોલોનીમાં પણ બે કેસ નોંધાયા છે.

શહેરના સેક્ટરોમાં સે. ૬ માં ૧૪, સે. ૩ માં ૧૦, સે. ૨૪ માં ૯, સે. ૭, સે. ૨૬, સે. ૩૦ માં ૮-૮ કેસ, સે. ૨ માં, સે. ૫ માં, સે. ૧૨ માં, સે. ૧૯ માં, સે. ૨૨ માં ૭-૭ કેસ નોંધાયા છે.

સે. ૪ માં ૩, સે. ૮ માં ૨, સે. ૯ માં, ૨, સે. ૧૭ માં ૩, સે. ૨૧ માં ૩, સે. ૨૦ માં ૫, સે. ૨૫ માં ૩, સે. ૨૯ માં ૫ કેસ નોંધાયા છે.

શહેરમાં આજે ૧૦ વર્ષથી નીચેની વયના દર્દીઓ જે નોંધાયા છે તેમાં સે. ૬ માં ૧૦ વર્ષનો દિકરો, રાંદેસણમાં ૯ વર્ષનો દિકરો, સરગાસણમાં ૫ વર્ષની દિકરી, સે. ૮ માં ૭ વર્ષની દિકરી, સરગાસણમાં ૫ વર્ષની દિકરી, પોરમાં ૭ વર્ષની દિકરી અને સે. ૨૭ માં ૨ વર્ષની દિકરીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે ૪૦૦ જેટલા દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે પણ ૨૫૦૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન, હોમ આઈસોલેશન, ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ કોરોના ગાઈડલાઈન્સનું ચુસ્ત પાલન થાય તે જોવા તાકીદ કરવામાં આવી છે.

## ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના ૧૭૧ કેસ : ૭૪ ડિસ્ચાર્જ

**દહેગામમાં ૪ વર્ષની દિકરી સહિત ૪૨ કેસ નોંધાયા : ગાંધીનગરમાં ૩૬, કલોલમાં ૮૪ અને માણસામાં ૯ કેસ નોંધાયા : કેસોની વધઘટથી તંત્રની ચિંતા વધી**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના ૧૭૧ કેસ નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૨૩૦૦ને પાર કરી ગઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની થઈ રહેલી વધ-ઘટને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા કેસોમાં એક પણ દર્દીને હોસ્પિટલમાં દાખલ કરાયા ન હોવાથી તંત્રએ રાહત અનુભવી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૫૯ મહિલા દર્દી, ૧૭ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે. દહેગામમાં ૪ વર્ષની દિકરી કોરોનાથી સંક્રમિત થઈ છે. આજે નોંધાયેલા કેસોમાં ૨૦ વિદ્યાર્થી, ત્રણ ડ્રાયવર, ૧ મલ્ટી પરપઝ હેલ્થ વર્કર, ૧૦ ખેડૂત, ૮ સરકારી કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે.

જિલ્લાના શહેરી વિસ્તારોમાં કેસો વધી રહ્યા હોવાથી તંત્ર ચિંતાતુર છે. આજે નોંધાયેલા આ વિસ્તારના કેસોની સંખ્યા ૪૩ છે. જેમાં દહેગામમાં ૧૦, કલોલમાં ૩૧ અને માણસા શહેરમાં બે કેસનો સમાવેશ થાય છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૪૨, ગાંધીનગરમાં ૩૬, કલોલમાં ૮૪ અને માણસામાં ૯ કેસ નોંધાયા છે.

દહેગામ તાલુકાના બહિયલમાં ૨, દહેગામમાં ૧૦, જાલિયામઠમાં ૨, શગદલપુરમાં ૨, રખિયાલમાં ૧૦, સાહેબજીના મુવાડામાં ૨, નાંદોલમાં ૨, સાણોદામાં ૨ ઉપરાંત મોટા જલુન્દ્રા, જિંડવા, અંગુથલા, બદપુરા, બારોટના મોસમપુરા, ઓગજાના મુવાડા, સામેત્રી, હાલીસામાં પણ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકામાં ડભોડામાં ૩, આદરજ મોટીમાં ૩, અડાલજમાં ૭, રૂપાલમાં ૨, કસ્તુરીનગરમાં ૩, ઉવારસદમાં ૨, રાયપુરમાં ૨, મોટા ચિલોડામાં ૨, સાદરામાં ૨, છાલામાં ૨, ઉપરાંત સરઢવ, જલુંદ, દશેલા, લવારપુર, મગોડીમાં પણ કેસ નોંધાયા છે.

કલોલ તાલુકાના બોરીસણામાં ૧૫, શાંતિગ્રામ અદાણીમાં ૩, કલોલ શહેરમાં ૩૧, ડીંગુચામાં ૧, નાસ્મેદમાં ૩, રાંચરડામાં ૬, સાંતેજમાં ૪, સઈજમાં ૩ ઉપરાંત નારદીપુર, પાનસર, ભાડજ, નાંદોલી અને ધમાસણામાંથી પણ કેસ મળી આવ્યા છે. માણસા તાલુકામાં માણસા શહેરમાંથી ૨, જામળામાંથી ૨, આનંદપુર(વેડા)માંથી ૨, ઉપરાંત પરબતપુરા, મહુડીમાંથી પણ કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭૪ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્યવિસ્તારમાં હોમ આઈસોલેશનનો વિકલ્પ લોકો સ્વીકારી રહ્યા હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે માટે કડક સૂચનાઓ આપવામાં આવી છે. જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં આજે પણ ૧૨૦૦થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૨૦૦ થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

## રાજયમાં ૧૬,૬૦૮ કોરોનાના નવા કેસ : વધુ ૨૮ મૃત્યુ


ગાંધીનગર, તા.૨૫

ગુજરાતમાં કોરોનાએ ગઈકાલની સરખામણીએ આજે ફરી એકવાર ફૂંફાડો માર્યો છે. રાજ્યમાં આજે નવા ૧૬૦,૬૦૮ નવા કેસ આવ્યા છે. આજે સૌથી વધુ ૨૮ લોકોના મોત થયા છે. તો બીજી તરફ ૧૭,૪૬૭ દર્દીઓ સાજા થઇ ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૯,૪૮,૪૦૫ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોના રિકવરી રેટ પણ ઘટીને ૮૬.૭૭ ટકાએ પહોંચી ચુક્યો છે. રાજ્ય સરકાર કોરોના રસીકરણ મુદ્દે પણ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૨,૪૩,૮૧૧ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૩૪૨૬૧ કુલ કેસ છે. જે પૈકી ૨૫૫ વેન્ટિલેટર પર છે. ૧૩૪૦૦૬ નાગરિકો સ્ટેબલ છે. ૯,૪૮,૪૦૫ નાગરિકો અત્યાર સુધીમાં ડીસ્ચાર્જ તઇ ચુક્યા છે. ૧૦૩૦૨ નાગરિકોનાં અત્યાર સુધીમાં મોત થઇ ચુક્યાં છે. આ ઉપરાંત રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. જ્યારે આજે સૌથી વધુ ૨૮ લોકોના મોત થયા છે. ગુજરાતમાં કોરોનાના ૧૬૬૦૮ કેસની વાત કરીએ તો અમદાવાદમાં સૌથી વધુ ૫૩૮૬, વડોદરામાં ૩૮૦૨ કેસ, રાજકોટમાં ૧૬૪૯, સુરતમાં ૧૪૭૬ કેસ, ભાવનગરમાં ૩૧૫, જામનગરમાં ૪૪૬, ગાંધીનગરમાં ૪૮૦ કેસ, મહેસાણામાં ૨૭૭, ભરૂચમાં ૨૭૩, મોરબીમાં ૨૫૪ કેસ, કચ્છમાં ૨૪૪, વલસાડમાં ૨૩૮, પાટણમાં ૧૯૬ કેસ, બનાસકાંઠામાં ૧૭૨, સાબરકાંઠામાં ૧૫૯, આણંદમાં ૧૫૬ કેસ, અમરેલીમાં ૧૫૧, ખેડામાં ૧૩૬, સુરેન્દ્રનગરમાં ૧૨૪ કેસ, પંચમહાલમાં ૯૮, જૂનાગઢ ૧૪૯, તાપીમાં ૭૭ કેસ, દાહોદમાં ૧૪૧, ગીરસોમનાથમાં ૩૮, પોરબંદરમાં ૨૭ કેસ, દ્વારકામાં ૨૨, છોટાઉદેપુરમાં ૨૦, મહિસાગરમાં ૧૬ કેસ, નર્મદામાં ૧૩, ડાંગમાં ૧૦ અને અરવલ્લીમાં ૯ કેસ નોંધાયા છે. જ્યારે રાજ્યમાં આજે સૌથી વધુ કોરોનાથી ૨૮ લોકોના મોત થયા છે. રાજ્યમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૩૦ ને પ્રથમ ૪૮૫ ને રસીનો બીજો ડોઝ અપાયો છે. ૪૫ વર્ષથી વધારેની ઉમરના ૬૦૦૭ને પ્રથમ ૨૪૮૯૧ ને રસીનો બીજો ડોઝ અપાયો છે. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૨૯૬૮૩ ને પ્રથમ ૭૦૫૭૯ ને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૫-૧૮ વર્ષના નાગરિકો પૈકી ૪૬૬૨૬ રસીના ડોઝ જ્યારે ૬૫૫૧૦ ને પ્રીકોર્શન ડોઝ અપાયો છે. આ પ્રકારે કુલ ૨,૪૩,૮૧૧ રસીના ડોઝ આજના દિવસમાં અપાયા છે. અત્યાર સુધીમાં કુલ ૯,૬૭,૫૯,૪૨૮ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

## ગુજરાત વિધાનસભાની ચૂંટણી નિયત સમયે જ થશે

ગાંધીનગર, તા.૨૫

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી વહેલી આવવાની ચાલી રહેલી અનેક અટકળો પર ભાજપ પ્રદેશ પ્રમુખે પૂર્ણવિરામ મુકી દીધું છે. આજે પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલે ગુજરાત વિધાનસભાની ચૂંટણી અંગે જણાવતા કહ્યું કે, ચૂંટણી નિયત સમયે જ યોજાશે. ચૂંટણી સુધી વિકાસલક્ષી કામો થતા રહેશે અને વિકાસ જ અમારો પહેલો મુદ્દો છે. સીઆર પાટીલે આજે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યુ કે, ડિસેમ્બરમાં ગુજરાતની ચૂંટણી આવવાની વાત છે. ત્યાં સુધી આવા કાર્યક્રમો ચાલતા રહેશે. લોકો સંપર્કમાં રહે, સામાન્ય લોકો સાથે નરેન્દ્ર મોદી સાહેબનો જે લગાવ છે તે મજબૂત બને. વિકાસ અમારો પહેલો મુદ્દો છે. આ ઉપરાંત જે રીતે સરકાર કામ કરે છે મને નથી લાગતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારે કોઈપણ ક્ષેત્રે કામ ન કર્યુ હોય. જેના કારણે લોકો ખુશ છે, પ્રભાવિત છે અને સમર્પિત પણ છે. નોંધનીય છે કે, ૪૦,૦૦૦ જેટલા કાર્યકર્તાઓની એકસાથે પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે બેઠક કરી તેઓને વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કર્યું હતું. ત્યારે પણ ચૂંટણી અંગેના સવાલમાં પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતા પાટીલે જણાવ્યું હતુ કે, ભાજપનો કાર્યકર કાયમ ચૂંટણી માટે તૈયાર જ હોય છે. આટલા વર્ષોમાં ભાજપ એટલા માટે જ તમામ ચૂંટણીઓ જીતતું આવ્યું છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી તેના નિયત સમયે ડિસેમ્બરમાં જ યોજાશે. આજે સીઆર પાટીલ બાદ ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજ્યના



તમામ પેજ પ્રમુખો સાથે નમો એપ દ્વારા સંવાદ કર્યો હતો. જેમા વડાપ્રધાને જણાવ્યું હતું કે, આજે મહિલા મતદાતાઓની સંખ્યા વધી છે. ઈવીએમની મદદથી થોડા જ કલાકમાં ચૂંટણીનું પરિણામ આવી જાય છે. સાથે જ વડાપ્રધાને ભાજપના કાર્યકર્તાઓ સાથે સંવાદ કરી તેમની કામગીરી અંગે માહિતી મેળવી હતી. તો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ પણ નમો એપના માધ્યમથી વડાપ્રધાનના આ સંવાદમાં જોડાયા હતા. પીએમ મોદીએ કાર્યકરોને વોટિંગ વધારવાનું આહ્વાન કરતા કહ્યુ હતુ કે, ૨૦૧૯ની ચૂંટણીમાં ૬૭% મતદાન થયું હતુ, હવે આ વખતે તેનાથી વધે તેવા પ્રયત્ન કરજો. ગુજરાત કોંગ્રેસે પણ ચૂંટણીમાં જનતાના મુદ્દા સાથે સંપૂર્ણ તૈયાર હોવાનું નિવેદન આપ્યું હતુ. મહિલા સુરક્ષા, ખેતી, આરોગ્ય અને શિક્ષણ સહિતના તમામ મુદ્દાઓ પર કામ કરવા માટે કોંગ્રેસ તૈયાર છે. ભાજપે ૨૦૧૭માં જનતાને ઠાલા વચનો આપ્યા. રોજગારી, આરોગ્ય અને શિક્ષણ સહિત અનેક ક્ષેત્રે ભાજપ નિષ્ફળ રહ્યું છે. કોંગ્રેસે જણાવ્યુ વધુમાં જણાવ્યુ હતુ કે, કોરોના કાળમાં ગુજરાતના અનેક લોકો મોતને ભેટ્યા છે. પેપરો લીક થઈ રહ્યાં છે. ભાજપની આંતરિક લડાઈનો ભોગ રાજ્યની પ્રજા બની રહી છે. આજે સમય પાકી ગયો છે કે, 'ભાજપ હટાવો, ગુજરાત બચાવો. ગુજરાતમાં ચૂંટણી ડિસેમ્બરમાં યોજાશે પરંતુ ગુજરાતની મુખ્ય ત્રણ પાર્ટી, ભાજપ, કોંગ્રેસ અને આપે પોતાની રીતે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ ચૂંટણીમાં જીત મેળવવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. તો જોવાનું એ જ રહ્યું કે, આગામી સમયમાં લોકો કઈ પાર્ટીને વધાવે છે.

## જીએમઈઆરએસ મેડિકલ કોલેજને દેહદાન પ્રાપ્ત થયું



ગાંધીનગર, તા. ૨૫

પાટનગરમાં દેહદાન પ્રત્યે જાગૃતિ વધી રહી છે. ન્યુ ગાંધીનગરના કુડાસણમાં ગુડા નિર્મિત શ્યામાપ્રસાદ મુખર્જીનગર ખાતે રહેતા પરાગ ભુપેન્દ્રકુમાર શાહના માતૃશ્રી ઉષાબેન ભુપેન્દ્રકુમાર શાહનું ૭૩ વર્ષની વયે તા. ૨૪મી જાન્યુઆરીના રોજ કુદરતી રીતે અવસાન થવા પામ્યું હતું. સ્વર્ગસ્થના પુત્રની પ્રેરણાથી અને જુનિયર સિટીઝન કાઉન્સિલના સહયોગથી ગાંધીનગર સ્થિત જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજને સ્વર્ગસ્થના દેહનું દાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેડિકલ કૉલેજના પ્રોફેસર ડૉ. ગુપ્તા તથા પ્રોફેસર ડો. અંકુશ અને જુનિયર સિટીઝન કાઉન્સિલ વતી એડવોકેટ હિતેશ રાવલ અને દિલીપભાઈ હાજર રહ્યાં હતા.

**શેયર ઇન્ડિયા સિક્યોરિટીઝ લિમિટેડ**
Share India — You generate, we multiply
CIN : L67120GJ1994PLC115132
રજી. ઓફિસ: યુનિટ નંબર ૬૦૪એ-બી, ૬૦૫એ-બી, ૬ઠ્ઠો માળ, ટાવર એ, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, ગિફ્ટ સિટી, બ્લોક-૫૧ ઝોન-૫, રોડ ૫ઈ ગિફ્ટ સિટી, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૩૫૫. ટેલિફોન: ૦૧૨૦-૪૯૧૦૦૦૦
કોર્પોરેટ ઓફિસ : એ-૧૫, સેક્ટર-૬૪, નોઇડા, ગૌતમ બુદ્ધ નગર, ઉત્તર પ્રદેશ-૨૦૧૩૦૧
વેબસાઇટ: www.shareindia.com; ઈમેલ: vikas_cs@shareindia.com

**નોટીસ**

આથી સભ્યોને માહિતગાર કરવામાં આવે છે કે કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા આપવામાં આવેલા ૮ એપ્રિલ, ૨૦૨૦ની તારીખના પરિપત્ર નં. ૧૪/૨૦૨૦, ૧૩ એપ્રિલ, ૨૦૨૦ની તારીખના ૧૭/૨૦૨૦, ૧૫ જૂન, ૨૦૨૦ની તારીખના ૨૨/૨૦૨૦, ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૦ની તારીખના ૩૩/૨૦૨૦, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ ની તારીખના ૩૯/૨૦૨૦, ૨૩ જૂન, ૨૦૨૧ની તારીખના ૧૦/૨૦૨૧, ૦૮ ડિસેમ્બર, ૨૦૨૧ ની તારીખના ૨૦/૨૦૨૧ (એમસીએ પરિપત્રો) સાથે વંચાતા કંપનીઝ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ સાથે વંચાતી કંપનીઝ કાયદા ૨૦૧૩ (કાયદો) ની કલમ ૧૦૮ અને ૧૧૦ ની જોગવાઈઓ અનુસાર ૨૧.૦૧.૨૦૨૨ની નોટિસમાં ઉલ્લેખિત બાબત પર શેરધારકોની મંજૂરી મેળવવા માટે અને તેમાં જોડાયેલા ઠરાવોને કંપનીના સભ્યો દ્વારા પોસ્ટલ બેલેટના માધ્યમથી માત્ર ઈલેક્ટ્રોનિક માધ્યમ (રિમોટ ઈ-વોટિંગ) મતદાનથી પસાર કરાવવાની દરખાસ્તની પોસ્ટલ બેલેટ નોટિસ મોકલવાની પ્રક્રિયા કંપનીએ ૨૫.૦૧.૨૦૨૨ ના રોજ પૂર્ણ કરી છે. કથિત નોટીસની નકલ કંપનીની વેબસાઇટ www.shareindia.com પર અને સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com પર પણ ઉપલબ્ધ છે.

સભ્યો કે જેમના નામ "કટ-ઓફ તારીખ" એટલે કે. ૨૧.૦૧.૨૦૨૨ ના રોજ કામકાજના કલાકો પૂરા થવા પર ડિપોઝિટરીઝના રેકોર્ડ્સમાં દેખાય છે, માત્ર તેઓ રિમોટ ઈ-વોટિંગ દ્વારા તેમનો મત આપવા માટે હકદાર રહેશે. કોઈપણ વ્યક્તિ જે કથિત કટ-ઓફ તારીખે સભ્ય નથી અને તે પછીથી સભ્ય બન્યા છે, તેમણે આ સૂચનાનો ઉપયોગ ફક્ત માહિતીના હેતુ માટે કરવાનો રહેશે અને તેઓ કંપનીના ભવિષ્યના મતદાન માટે www.evotingindia.com પર વિનંતી મોકલીને તેમનું/તેણીનું લોગ-ઈન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે.

કંપની તેના સભ્યોને રિમોટ ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડી રહી છે. સભ્યોને એ નોંધ લેવાની વિનંતી કરવામાં આવે છે કે રિમોટ ઇ-મતદાન ૨૬.૦૧.૨૦૨૨ ના બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકે શરૂ થશે અને ૨૪.૦૨.૨૦૨૨ ના ગુરૂવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે પૂર્ણ થશે. તે પછી, સીડીએસએલ દ્વારા મતદાન માટે ઇ-મતદાન બંધ કરવામાં આવશે અને સભ્યો ૨૪.૦૨.૨૦૨૨ ના ગુરૂવારના રોજ સાંજે ૫.૦૦ કલાક (ભારતીય સ્ટાન્ડર્ડ સમય) પછી મતદાન કરી શકશે નહી.

સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે "ગ્રીન ઇનિશિયેટિવ" ના સમર્થનમાં તેઓ તેમના ફોલિયો નંબર / ક્લાયન્ટ Id અને DP Id ને ચોક્કસ વિનંતીથી કંપની અથવા રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ (RTA) ને નોંધાવીને કંપની સાથે ભવિષ્યના સંદેશવ્યવહાર માટે તેમના ઈ-મેલની નોંધણી કરાવે.

મતદાનથી સંબંધિત કોઇપણ ફરીયાદો માટે, **વિકાસ અગરવાલ, કંપની સેક્રેટરી અને અનુપાલન અધિકારીનો ઇ-મેઇલ vikas_cs@shareindia.com** પર અથવા એ-૧૫, સેક્ટર-૬૪, નોઈડા, ગૌતમ બુધ્ધ નગર, ઉત્તર પ્રદેશ-૨૦૧૩૦૧ ખાતે અથવા ૦૧૨૦-૪૯૧૦૦૦૦ પર સંપર્ક કરી શકાશે.

**શેયર ઇન્ડિયા સિક્યોરિટીઝ લિમિટેડ વતી**
**સહી/ -**
**તારીખ : ૨૫.૦૧.૨૦૨૨** **વિકાસ અગ્રવાલ**
**સ્થળ : નોઈડા** **કંપની સેક્રેટરી અને અનુપાલન અધિકારી**

## મનપાને વધુ સત્તા માટે મુખ્યમંત્રીએ હકારાત્મક પ્રતિસાદ આપ્યો : જશુભાઈ પટેલ

**ઔડા-ગુડા તેમજ શહેરના સંતુલિત વિકાસ માટે કામગીરી કરવામાં આવશે : પાર્કિંગ પ્લેસ બનાવવા સર્વેની કામગીરી હાથ ધરાઈ છે : બે મહિનામાં પોલીસી તૈયાર થઈ જશે**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગર પાલિકાને વધુ સત્તાઓ મળે તે માટે સરકારમાં પ્રયાસો ચાલુ છે. મુખ્યમંત્રીએ પણ આ અંગે સાનુકૂળ પ્રતિસાદ સાથે હકારાત્મક અભિગમ દાખવ્યો હોવાનું સ્થાયી સમિતિના ચેરમેન જશુભાઈ પટેલે આજે પત્રકારોને જણાવ્યુ હતુ.

સ્થાયી સમિતિની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં તેમણે કહ્યુ હતુ કે આજે સમિતિની બેઠકમાં પાર્કિંગ પોલીસીને સામાન્ય સભાની મંજૂરી માટે મોકલવા સાથે જનતાનો પણ અભિપ્રાય મેળવવા આગળ વધવાની સૂચના આપવામાં આવી છે.

પાર્કિંગ પ્લેસ ઉભા કરવા માટે સર્વેની કામગીરી ચાલી રહી હોવાનું જણાવતાં તેમણે કહ્યુ હતુ કે આ કામગીરી ઝડપથી પૂર્ણ કરાશે એટલુ જ નહિ પાર્કિંગ માટેના દર પણ નિયત કરવામાં આવશે. જાહેરમાં પાર્કિંગ મફતમાં નહિ થાય તે વાત તેમણે સ્પષ્ટ કરી હતી.

પટેલે જણાવ્યુ હતુ કે આજની બેઠકમાં ૧૫ જેટલા ટેન્ડરોના કામોને બહાલી આપવામાં આવી છે.

મનપાને ઓડીએફ પ્લસ તેમજ વૉટર પ્લસ સર્ટિફિકેટ માટે સરકારમાં દરખાસ્ત મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ઔડા અને ગુડાના વિસ્તારો જે મનપામાં આવ્યા છે તેમાં ગટર, પાણી સહિતની સુવિધાઓ ઝડપથી વિકસાવવામાં આવશે.

પટેલે જણાવ્યુ હતુ કે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં ૧૨ જેટલા પાણીના બોર તાત્કાલિક બનાવવાની જરૂરિયાત ઉભી થતાં મનપાએ પાણી પુરવઠા બોર્ડને આ અંગે પત્ર લખ્યો છે.

પેથાપુર રાંધેજા સહિતના ગામોમાં પણ વિકાસ કાર્યો ઝડપથી હાથ ધરવામાં આવશે. કેટલાક વિકાસ કામો માટે કન્સલટન્ટની નિમણુંક કરી ડી.પી.આર. તૈયાર કરવાની સૂચનાઓ આપવામાં આવી હોવાનું તેમણે જણાવ્યુ હતુ.



રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી ૨૫ જાન્યુઆરીના દિવસે કરવામાં આવે છે. જેના ભાગરૂપે સરકારી વાણિજય કોલેજ, ગાંધીનગર દ્વારા મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના આચાર્ય ડૉ. અમિતકુમાર સુતરીયા અને એનએસએસ પ્રોગ્રામ ઓફિસર શ્રી મનસુખ રાઠોડે વિદ્યાર્થીઓને મતદાન વિશે માહિતગાર કર્યા હતા તેમજ મતદાનનું મહત્વ સમજાવી યુવાનોને મતદાન કરવા તેમજ સમાજમાં મતદાન પ્રત્યે જાગૃતિ ફેલાય તેવા પ્રયત્નો કરવા પ્રેરણા આપી હતી.

## સે. ૨૩ નિસર્ગ કોમ્યુનિટી સેન્ટર ખાતે બાવન વણકર સમાજ પ્રગતિ મંડળની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

શ્રી બાવન વણકર સમાજ પ્રગતિમંડળની એક બેઠક સે. ૨૩ નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે મેનેજીંગ ટ્રસ્ટી દિનકરભાઈ પરમારના અધ્યક્ષસ્થાને સભા યોજાઈ હતી. જેમાં ટ્રસ્ટી તરફથી કોરોના મહામારી અંગે ખાસ સાવચેતી-સાવધાની રાખવા તથા રસી લેવાની સમજ આપવામાં આવી. સભાના પ્રમુખ અર્જુનભાઈ, મંત્રી લક્ષ્મણભાઈ વિગેરે તેમજ સમાજના હોદ્દેદારો તથા સભ્યો હાજર રહ્યા હતા.



સભાની શરૂઆત ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર તેમજ દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી. ગત સભાની કાર્યવાહી વંચાણે લીધી, ચેરીટી કમિશનર કચેરીમાં કારોબારી સભ્યોની ફેરબદલ કરવા, વાડીના સંચાલન, મરામત કરવા, ગત વર્ષના આવક-ખર્ચના હિસાબો રજૂ કરવામાં આવ્યા. ઓડીટરની નિમણુંક કરવા, ચર્ચા-વિચારણા કરી ઠરાવ કરવા, યોગ્ય સૂચનો કરવામાં આવ્યા. કોરોના સમયમાં ગરીબ સભ્યોને મદદરૂપ ચર્ચા-વિચારણા કરવામાં આવી. વડીલોએ સૂચન કર્યા. છેલ્લે હાર્દિકભાઈએ સર્વનો આભાર માની સભાનું સમાપન કરવામાં આવ્યું.



વિશ્વની સૌથી વિશાળ સહકારી સંસ્થા ઈફકોના ચેરમેન તરીક ખેડૂત નેતા તથા સહકારી આગેવાન દિલીપભાઈ સંઘાણીએ કાર્યભાર સંભાળ્યો છે. ગાંધીનગર મનપાના મેયર હિતેશ મકવાણા અને ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ દિલીપભાઈ સંઘાણીને મળ્યા હતા અને તેઓને શુભેચ્છાઓ પાઠવી હતી તથા તેઓના આશિર્વાદ મેળવ્યા હતા.

### ઠંડીનો પ્રકોપ ● પહેલા પેજનું ચાલુ....

૫.૬ ડિગ્રી, વનસ્થલીમાં ૬.૧ ડિગ્રી, અજમેરમાં ૬.૨ ડિગ્રી, જયપુરમાં ૭.૧ ડિગ્રી અને પિલાનીમાં ૭.૮ ડિગ્રી તાપમાન હતું. હિમાચલપ્રદેશમાં ધર્મશાળામાં બે કિશોરો હિમવર્ષામાં સપડાતા મૃત્યુ પામ્યા હતા. તેઓ હિમાચલના કાંગરા જિલ્લામાં દૌલાધાર માઉન્ટેન રેન્જમાં રાઈઝિંગ સ્ટાર હિલસ્ટોપ ખાતે ટ્રેકિંગમાં જવા નીકળ્યા હતા. બીજા બેને પોલીસે બચાવી લીધા હતા.

**ઓનલાઈન જાહેર નિવિદા**

અરવલ્લી જિલ્લામાં સરકારી અને અર્ધ સરકારી શૈક્ષણિક સંકુલોમાં રમત - ગમતલક્ષી સુવિધા પૂરી પાડવાની થાય છે. (વધુ વિગતો વેબસાઈટ www.nprocure.com ઉપર ઓનલાઈન જોઈ શકાશે) આથી રસ ધરાવતી એજન્સી / વિક્રેતા / માન્યત સંસ્થાઓ / ઉત્પાદકો પાસેથી ઈન્ટેન્ડરીંગથી ભાવો મંગાવવામાં આવે છે. ઈ-ટેન્ડરીંગનાં દસ્તાવેજો અને વિગતો તા. ૨૭-૧-૨૦૨૨ થી ૧૦-૨-૨૦૨૨નાં રોજ ૧૮-૦૦ કલાક સુધી www.nprocure.com વેબસાઈટ ઉપર ઓનલાઈન ભરી શકાશે. ઉપરોક્ત બાબતે રસ ધરાવતા ઈજારેદારો / એજન્સીઓ / વિક્રેતાઓ / માન્ય સંસ્થાઓ / ઉત્પાદકોએ તેમના ટેન્ડર ઓનલાઈન પદ્ધતિથી મોકલવાનાં રહેશે.

**જિલ્લા રમત - ગમત અધિકારીશ્રી,**
**જિલ્લા રમત - ગમત અધિકારીની કચેરી, મોડાસા, જિ. અરવલ્લી**
***નામાનિ/હિંમત/૫૨૯/૨૦૨૨***

**જાહેર નિવિદા**

**ઓફલાઈન જાહેર નિવિદા નં. : ૦૩/૨૦૨૧/૨૨**

નાયબ વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ વિભાગ સાબરકાંઠા - હિંમતનગર દ્વારા સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત અત્રેના વિભાગ હસ્તકની વિસ્તરણ રેંજ ઈડર તથા અન્ય રેંજોમાં વન્ય પ્રાણીઓના ખોરાક અને રહેઠાણની વ્યવસ્થાની કામગીરી તથા વિ.રેજ મોડાસામાં હસ્તકની હાઈટેક નર્સરીમાં જરૂરી સુધારા વધારાની કામગીરી કરવા માટે રૂ. ૫.૦૦ લાખથી નીચેના કામો માટે માર્ગ અને મકાન વિભાગમાં ઈ-૨ કે તેથી ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદાર/એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. આ ટેન્ડર ફોર્મ મેળવવા માટે પોતાના લેટરપેડ ઉપર અરજી કરી, ટેન્ડર ફી રૂ. ૬૦૦/- રોકડા ભરી તા. ૨૫-૧-૨૦૨૨થી કચેરી સમય દરમિયાન નિયત કરેલ તારીખ સુધીમાં વિ.રેંજ ઈડર અને મોડાસાની રેંજ કચેરીએથી મેળવી શકાશે. વધુ માહિતી માટે અત્રેની કચેરીનો સંપર્ક સાધવા વિનંતી છે.

| | |
|---|---|
| ટેન્ડર ફોર્મ મેળવવાની અંતિમ તારીખ અને સમય | તા.૧-૨-૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડરફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ અને સમય | તા.૨-૨-૨૦૨૨ સમય ૧૬.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની તારીખ અને સમય | તા.૩-૨-૨૦૨૨ સમય ૧૩.૦૦ કલાકે |

નોંધ : હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસની મહામારીને ધ્યાને રાખી કોવીડ-૧૯ની ગાઈડલાઈનનું સંપૂર્ણ પાલન કરી સરકારશ્રીના નિતી નિયમ મુજબ ટેન્ડર ખોલવાની પ્રક્રિયા કરવામાં આવશે.

**નાયબ વન સંરક્ષકશ્રી**
**નામાનિ/હિંમત/૫૩૦/૨૦૨૨** **સા.વ.વિ.સા.કાં.-હિંમતનગર**